A

MGVCL


# મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ

કોર્પોરેટ ઓફીસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા.૩૯૦ ૦૦૭

ફેકસ નં:(૦૨૬૫) ૨૩૩૭૯૧૮

ફોન: (૦૨૬૫) ૨૩૧૦૫૮૩-૮૬

mail:mgvcl@gebmail.com


"વીજ બચાવો, નાણાં બચાવો"

## જાહેર સૂચના

## વીજ બીલના નાણાં ભરપાઇ કરવા અંગે અગત્યની સૂચના

મધ્ય ગુજરાત વીજ કંપની લી. ના માનવંતા ગ્રાહકોને અત્રે સૂચિત કરવામાં આવે છે કે, વીજ બીલની ભરપાઇ સરળતાપૂર્વક થઇ શકે તે માટે હાલમાં કંપની અધિકૃત વીજ બીલ કલેકશન સેન્ટર્સ, એટીપી મશીન દ્વારા તથા પોષ્ટ ઓફિસ વગેરે જેવા વિવિધ વિકલ્પો ઉપલબ્ધ કરવામાં આવેલ છે અને તેનો વીજ ગ્રાહકો લાભ લઇ રહેલ છે. આ ઉપરાંત, વીજ ગ્રાહકો તેમના વીજબીલની ચૂકવણી ઇન્ટરનેટ તથા મોબાઇલ દ્વારા પણ કરી શકે છે.

પરંતુ, હાલમાં વીજ કંપનીના નામે ત્રાહિત વ્યકિત / બીન અધિકૃત સંસ્થા દ્વારા વીજ બીલના નાણાં ઉઘરાવવાની ગુન્હાહિત પ્રવૃત્તિ થઇ રહેલ હોવાનું વીજ કંપનીના ધ્યાનમાં આવેલ છે. વીજ ગ્રાહકો દ્વારા આવા બીનઅધિકૃત વ્યકિતઓને કરેલ વીજબીલની ચૂકવણી કંપની દ્વારા માન્ય ગણાશે નહિ.

આથી, વીજ ગ્રાહકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓએ તેમના વીજ બીલના નાણાં વીજ કંપની દ્વારા પ્રમાણિત વીજ બીલ કલેકશન સેન્ટર અથવા એ.ટી.પી. મશીન અથવા પોસ્ટ ઓફિસોમાં જ ભરવાનો આગ્રહ રાખવો. અન્ય કોઇ ત્રાહિત તથા બીન અધિકૃત સ્થળે ચૂકવેલા વીજ બીલના નાણાં બાબતે વીજ કંપનીની કોઇ જવાબદારી રહેશે નહિ. તથા આ રીતે ભરેલા નાણાં વીજ કંપની દ્વારા સ્વીકાર્ય ગણાશે નહિ અને તે બાબતની સર્વે જવાબદારી ગ્રાહકની રહેશે.

આ સિવાય ઓનલાઇન પેમેન્ટ (ઇન્ટરનેટ તથા મોબાઇલ દ્વારા) કરવા માટે વીજ કંપનીની વેબસાઇટ www.mgvcl.com પર ઉપલબ્ધ સુવિધાનો લાભ લેવા વિનંતી છે.